# પ્રાસ્તાવિક

કદાચ મારે માટે એ સ્પષ્ટ કરવાનું ઉચિત થશે કે આ પુસ્તકમાં પ્રકાશિત થયેલા લેખો/નિબંધોના વિષયવસ્તુની છણાવટ દાર્શનિક દૃષ્ટિએ કરવામાં આવી નથી, કે નથી કોઈ વિદ્વાનના દૃષ્ટિબિંદુનું વલણ દાખવવામાં આવ્યું. આ લેખક એવા પરિવારમાં ઊછર્યો છે જ્યાં ઉપનિષદોના પાઠ દૈનિક પૂજાવિધિમાં વિનિયોગ પામેલા છે, અને તેની સમક્ષ તેના પિતાનું દૃષ્ટાંત રહેલું છે; તેના પિતાએ ઈશ્વરની સાથે નિકટતમ વિનિમય સાધી તેમનું દીર્ઘ જીવન વ્યતીત કર્યું હતું; આ પણ તેમણે જગત પ્રત્યેના તેમનાં કર્તવ્યોને અવગણીને નહીં, તેમ જ તેમના બધા માનવ-વ્યવહારોમાં રહેલા ઊંડા રસને ઘટાડી દઈને નહીં. તેથી એમ આશા રાખી શકાય કે આ નિબંધો દ્વારા આપણા પવિત્ર ગ્રંથોમાં ઉદ્‌ઘાટિત થયેલી અને રોજબરોજના જીવનમાં આવિષ્કૃત થયેલી ભારતની પ્રાચીન સત્ત્વશીલ ભાવના (spirit)ના સંસ્પર્શમાં આવવાનો પશ્ચિમના વાચકોને એક અવસર સાંપડશે.

માનવીના બધા મહાન ઉદ્‌ગારો વિશે શબ્દ દ્વારા નિર્ણય કરાયેલો હોતો નથી, પણ તેની ભાવના દ્વારા કરાતો હોય છે. આ ભાવના ઇતિહાસમાં જીવનના વિકાસની સાથોસાથ પોતાને ઉઘાડતી જતી હોય છે. આપણે ખ્રિસ્તી ધર્મનો સાચો અર્થ વર્તમાનની ક્ષણના તેના જિવાતા સ્વરૂપને અવલોકીને પામીએ છીએ – પછી તે અગાઉના સમયના ખ્રિસ્તી ધર્મથી ગમે તેટલો ભિન્ન હોઈ શકે; મહત્ત્વના મુદ્દાઓમાં પણ આમ હોઈ શકે છે.

પશ્ચિમના વિદ્વાનોને ભારતનાં મહાન ધર્મશાસ્ત્રો માત્ર વીતી ગયેલા ભૂતકાળમાં અને પુરાતત્ત્વમાં રસ ધરાવતાં હોય તેવાં લાગે છે, પરંતુ આપણે માટે તે બધાં જીવંત મહત્તા ધરાવે છે; આપણે તો એમ જ વિચારીએ કે જ્યારે તે બધાંને લેબલ મારેલી પેટીઓમાં – માનવચિંતન અને અભીપ્સાની જાણે શબપેટીઓના (mummied) નમૂનાઓમાં – પાંડિત્યના વેષ્ટનોમાં (wrappings) બધો સમય જળવાતાં અને પ્રદર્શિત કરાતાં હોય ત્યારે તેઓ તેમનું મહત્ત્વ ગુમાવી દે છે.

ઉદાત્ત હૃદયોના અનુભવોમાંથી ઉદ્‌ભવતા જીવંત શબ્દોના અર્થ કોઈ એક તાર્કિક અર્થઘટનની પદ્ધતિથી પૂરા થઈ જતા નથી. તે બધાને તો વ્યક્તિગત જીવનોની સમાલોચનાઓથી અંતહીનપણે સમજાવવા પડે; અને તેઓ દરેક

નવીન ઉઘાડમાં એક વધારે રહસ્યને મેળવે છે. મારે માટે ઉપનિષદોના શ્લોકોમાં અને બુદ્ધના ઉપદેશોમાં હંમેશ માટે સત્ત્વશીલ ભાવનાનાં તથ્યો રહેલાં છે અને તેથી અમર્યાદિત પ્રાણવંત વિકાસથી ભરેલાં છે. મેં તેમને મારા પોતાના જીવનમાં અને મારા ઉપદેશમાં બંનેમાં પ્રયોજેલાં છે. તેમને બીજાઓને માટે તેમ મારે માટે વ્યક્તિગત અર્થની સહજ વૃત્તિ હોય તે પ્રમાણે પ્રયોજ્યાં છે; અને પોતાની વ્યક્તિતાને કારણે તેને પોતાનું મૂલ્ય હોવું જ જોઈએ, એવો મારો પોતાનો વિશેષ પુરાવો તેમના સમર્થનની અપેક્ષા રાખતો રહે છે.

મારે એ ઉમેરવું જોઈએ કે આ લેખોએ પ્રકાશન માટે યોગ્ય એવા કડીબદ્ધ સ્વરૂપને ધારણ કર્યું છે. બંગાળમાં બોલપુરની મારી સ્કૂલના મારા વિદ્યાર્થીઓને વક્તવ્યો આપવાની મારી ટેવ છે. આ લેખોમાં તે વક્તવ્યોમાંના કેટલાકમાંથી મેં વિચારોને તારવ્યા છે. વળી મેં મારા મિત્રો બાબુ સતીશચંદ્ર રૉય અને બાબુ અજિતકુમાર ચક્રવર્તીએ આમાંના કેટલાક ખંડોના કરેલા અનુવાદનો અહીંતહીં મેં ઉપયોગ કર્યો છે. આ શ્રેણીનો છેલ્લો લેખ 'કાર્યમાં અનુભૂતિ' મારા ભત્રીજા બાબુ સુરેન્દ્રનાથ ટાગોરે કરેલા મારા બંગાળી વક્તવ્ય 'કર્મયોગ'નો અનુવાદ છે.

હું હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રો. જેમ્સ એચ. વુડ્ઝનું ઋણ અદા કરવાની આ તક લઉં છું. તેમની ઉદાર કદરદાનીએ મને આ લેખોને પૂરા કરવાને અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં તેમાંના મોટા ભાગનાને રજૂ કરવાને પ્રોત્સાહિત કર્યો છે. મને સૂચનો અને પુનઃ નિરીક્ષણો સહિત તેમની ઉદાર મદદ આપવા માટે, તેમ જ પૂરું તપાસી જવા માટે હું શ્રી અર્નેસ્ટ રૂહાઇસનો આભાર માનું છું.

સાધના - Sadhana - ના ઉચ્ચાર માટે બે શબ્દ ઉમેરું : સ્વરભાર નિશ્ચિતપણે પહેલા <u>a</u> પર પડે છે અને એ અક્ષરનો પહોળો ઉચ્ચાર હોય છે.

**– રવીન્દ્રનાથ ટાગોર**

# પ્રેમની અનુભૂતિ

હવે આપણે અ-સીમ અને સીમિત, પરમ આત્મતત્ત્વ અને આપણો આત્મા આ બેના સહઅસ્તિત્વની શાશ્વત સમસ્યા સુધી આવીએ છીએ. અસ્તિત્વના મૂળમાં જ ઉદાત્ત વિરોધ (paradox) રહેલો છે. આપણે ક્યારેય એની આસપાસ જઈ શકીએ નહીં, કારણ કે આપણે ક્યારેય આ સમસ્યાની બહાર હોઈ શકીએ નહીં અને તેને બીજા કોઈ સંભવિત વિકલ્પની સામે મૂલવી શકીએ નહીં, પરંતુ સમસ્યા તો કેવળ તર્કમાં જ અસ્તિત્વ ધરાવે છે; વાસ્તવમાં તે આપણને કોઈ મુશ્કેલી આપતું જ નથી. તર્કબદ્ધપણે કહીએ તો ગમે તેટલા નજીક હોવા છતાં બે બિંદુઓ વચ્ચેનું અંતર અ-સીમ કહી શકાય, કારણ કે તે અ-સીમપણે વિભાજ્ય છે. પણ આપણે દરેક પગલે અ-સીમને ઓળંગી જઈએ છીએ અને દરેક પળે શાશ્વતીને મળીએ છીએ. એટલે આપણા કેટલાક દાર્શનિકો કહે છે કે સીમાબદ્ધતા જેવું કશું છે જ નહીં; તે તો કેવળ ‘માયા’ છે, ભ્રમ છે. સત અ-સીમ છે, અને તે તો કેવળ ‘માયા’ – અસત છે, જે સીમિતનો દેખાવ ઊભો કરે છે. પણ ‘માયા’ શબ્દ એ તો માત્ર નામ છે, કોઈ સમજૂતી નથી. એ તો એમ કહેવા જેવું છે કે સત્યની સાથે આ દેખાવ છે જે સત્યનો વિરોધી છે, પણ કેવી રીતે તેઓ એક જ સમયે અસ્તિત્વ ધરાવે છે તે અ-કળ છે.

આપણે સંસ્કૃતમાં ‘દ્વંદ્વ’ કહીએ છીએ તેવાં વિરોધી તત્ત્વોની શ્રેણીઓ આપણને આપણાં સર્જનમાં મળે છે : જેમ કે હકારાત્મક ધ્રુવ અને નકારાત્મક ધ્રુવ, કેન્દ્રગામી પરિબળ અને કેન્દ્રવિમુખ પરિબળ, આકર્ષણ અને વિકર્ષણ. આ પણ માત્ર નામ; સંજ્ઞા છે, તેઓ સમજૂતી નથી. દુનિયા એના મૂળભૂત તત્ત્વમાં વિરોધી પરિબળોનાં જોડકાંઓનું એક સમાધાન છે એમ દઢતાથી ઠરાવવાની તેઓ તો માત્ર જુદીજુદી પદ્ધતિઓ છે. સર્જકના ડાબા અને જમણા હાથની માફક આ પરિબળો પૂર્ણ સંવાદિતાથી કામ કરે છે, અને છતાં વિરુદ્ધ દિશાઓથી કામ કરે છે.

આપણી બે આંખો વચ્ચે સંવાદિતાનું બંધન છે; એને કારણે તેઓ એકત્વથી

કામ કરતી રહે છે. તે જ રીતે, ભૌતિક વિશ્વમાં ઠંડી અને ગરમી, પ્રકાશ અને અંધકાર, ગતિ અને સ્થિરતા વચ્ચે સંબંધનું સાતત્ય અવિભાજ્ય છે. આ સાતત્ય પિયાનોના બાસ (bass) સ્વરો અને ટ્રેબલ (treble) સ્વરો વચ્ચેના સંબંધ જેવું છે. આને કારણે આ વિરોધો વિશ્વમાં ગૂંચવણ ઊભી કરતા નથી, પણ સંવાદિતા જાળવે છે. જો સર્જન એ અવ્યવસ્થા જ હોત તો આપણે વિચારવું જ પડે કે બે વિરોધી સિદ્ધાંતો એકબીજાથી વધારે સારા થવાનો પ્રયત્ન કરતા હોય, પણ વિશ્વ એ કંઈ લશ્કરી શાસન – મનસ્વી અને કામચલાઉ – નથી. આપણે અહીં એવું બળ જોતા નથી જે ક્રોધાવેશમાં ઘૂમ્યા કરે અથવા અનિશ્ચિતપણે તેના હિંસક માર્ગમાં કોઈ બહિષ્કૃત બહારવટિયાની માફક મારફાડ કર્યા કરે અને તેના પરિવેશની સંગતિને તોડ્યા કરે; ઊલટું દરેક બળે વળાંક લીધેલી રેખામાં તેના સમતુલનમાં પાછું આવવું પડે. મોજાં ઊછળે છે – અણનમ સ્પર્ધાના દેખીતા વલણ સાથે તેની વ્યક્તિગત ઊંચાઈ સુધી ઊછળે છે, પણ અમુક નક્કી બિંદુ સુધી જ ઊંચાં જાય છે; અને આમ આપણે સાગરની મહાન શાંતતાને જાણીએ છીએ. જેની સાથે તે બધાં જોડાયેલાં છે અને જે ભવ્યતાભર્યું સુંદર છે તેમાં તેઓએ તાલબદ્ધ રીતે પાછાં ફરવું જ પડે.

વાસ્તવમાં આ લહેરો, કંપનો અને આંદોલનો, આ ચઢવાનું અને ઊતરવાનું અસંબદ્ધ પદાર્થોની અસ્થિર વિકૃતિઓને લીધે નથી હોતું; તે તો લય-તાલભર્યું નૃત્ય છે. તાલ ક્યારેય ગમે તેવા આડાઅવળા દ્વંદ્વ-યુદ્ધમાંથી જન્મી શકે નહીં. તેનો અંતર્ગત સિદ્ધાંત ઐક્ય હોવો જોઈએ, વિરોધ નહીં.

આ ઐક્યનો સિદ્ધાંત બધાં રહસ્યોનું રહસ્ય છે. દ્વૈતનું અસ્તિત્વ આપણા મનમાં એકદમ જ પ્રશ્ન ઊભો કરે છે અને આપણે એક (One)માં તેનું નિરાકરણ શોધીએ છીએ. આખરે જ્યારે આપણે આ બે વચ્ચેનો સંબંધ શોધી લઈએ છીએ, અને એથી તે બંનેને મૂળમાં એકરૂપે જોઈએ છીએ, આપણને લાગે છે કે આપણે સત્યની પાસે આવી પહોંચ્યા છીએ. પછીથી આપણે બધા વિરોધો (paradozes)ના સૌથી વધુ ચોંકાવી દેતા આ ઉદ્‌ગારને કાઢીએ છીએ કે એક (One) બહુ (many) રૂપે દેખાય છે, કે દેખાવ સત્યનો વિરોધી છે અને છતાં તે તેની સાથે અવિભાજ્યપણે સંકળાયેલો છે.

જરા વિચિત્ર લાગે, કેટલાક લોકો હોય છે જેઓ પેલી રહસ્યની ભાવનાને ગુમાવી દે છે, જે ભાવના આપણા બધા આનંદ ઉત્સાહના મૂળમાં પડેલી છે.

તેઓને આવું ત્યારે થાય છે જ્યારે તેઓ કુદરતની વિવિધતામાં કાયદાનું એકત્વ – સમત્વ શોધી કાઢે છે. જાણે કે ગુરુત્વાકર્ષણ એ સફરજનના પડવા કરતાં કશું વધારે રહસ્યમય નથી, જાણે કે અસ્તિત્વના એક સ્તરથી બીજા સ્તર તરફની ઉત્ક્રાંતિ સર્જનોની પરંપરા કરતાં સમજૂતીનો વધારે ડોળ છે એવું કશું નથી. મુશ્કેલી એ છે કે આપણે ઘણી વાર આવા નિયમ આગળ થોભી જઈએ છીએ, જાણે કે તે આપણી શોધનો આખરી અંત ન હોય, અને પછી આપણે સમજીએ છીએ કે તે આપણા spiritને, ઉત્સાહને મુક્ત કરવાનું પણ શરૂ કરતું નથી. કે કેવળ આપણી બુદ્ધિને સંતોષ આપે છે અને જાણે તે આપણા સમગ્ર હોવાપણાને કોઈ અપીલ કરતું નથી; તે આપણામાં રહેલી અ-સીમની ચેતનાને કેવળ મૃતઃપ્રાય કરે છે.

એક મહાન કાવ્યનું જ્યારે પૃથક્કરણ કરવામાં આવે, ત્યારે તે કાવ્ય અલગ થયેલા અવાજોનો એક set હોય છે. જે વાચક અર્થ શોધી કાઢે છે – જે આંતરિક માધ્યમ આ બાહ્ય અવાજોને જોડે છે – તે સમગ્રમાંથી એક પૂર્ણ નિયમ શોધી કાઢે છે, જે ક્યારેય જરા પણ અવરોધાતો નથી હોતો; વિચારોની ઉત્ક્રાંતિનો કાયદો, સંગીત અને સ્વરૂપનો કાયદો.

પરંતુ કાયદો તેના પોતામાં જ એક મર્યાદા બને છે. તે માત્ર બતાવે છે કે જે જે કાંઈ છે તે ક્યારેય બીજું કશુંય બની શકે નહીં. જ્યારે માણસ પૂરેપૂરો કાર્યકારણની કડીઓની શોધમાં રોકાયેલો હોય છે ત્યારે તેનું મન હકીકતોની જોહુકમીમાંથી છૂટવા કાયદાની જોહુકમીને નમી પડે છે. ભાષા શીખવામાં, જ્યારે આપણે કેવળ શબ્દોમાંથી શબ્દોના કાયદા સુધી પહોંચીએ છીએ ત્યારે આપણે ઘણું બધું પામ્યા હોઈએ છીએ, પરંતુ જો આપણે તે બિંદુ પર અટકી જઈએ અને આપણને માત્ર એક ભાષાની સંરચનાની અજાયબીઓ સુધી જ સંલગ્ન રાખીએ અને તેના બધા દેખીતાં તરંગોનાં છૂપાં કારણો શોધતા રહીએ, તો આપણે કોઈ અંતે પહોંચી શકીએ નહીં – કારણ કે વ્યાકરણ એ સાહિત્ય નથી, છંદરચના એ કાવ્ય નથી.

જ્યારે આપણે સાહિત્યની વાત કરીએ ત્યારે આપણને લાગે છે કે તે વ્યાકરણના નિયમોને અનુકૂળ થાય છે (conform) છતાં તે એક આનંદની બાબત છે, તે સ્વતંત્રતા પોતે જ છે. કાવ્યનું સૌંદર્ય કડક નિયમોથી નિબદ્ધ છે, છતાં તે બધાને અતિક્રમી જાય છે. કાયદાઓ તેની પાંખો છે, તેઓ તેને ભારથી

નમાવી દેતા નથી; તેઓ તેને સ્વતંત્રતા તરફ લઈ જાય છે. તેની સંરચના કાયદામાં છે પણ એનું મર્મતત્ત્વ (spirit) સૌંદર્યમાં છે. કાયદો એ સ્વતંત્રતા તરફનું પહેલું પગલું છે, અને સૌંદર્ય પૂર્ણ મુક્તિ છે જે કાયદાની પગથી-બેઠક પર ઊભું રહે છે. સૌંદર્ય પોતામાં સીમાને અને તેની પેલી પારને, કાયદાને અને મુક્તિને સંવાદિતામાં સ્થાપે છે.

વિશ્વ-કવિતામાં, તેની લયગૂંથણીનો નિયમ, તેનાં પ્રસારણ અને સંકોચન, ગતિ અને સ્થિરતા, સ્વરૂપો અને પાત્રોની તેની ઉત્ક્રાંતિની શોધની તાલાવેલી – આ બધી મનની સાચી સિદ્ધિઓ છે, પણ આપણે ત્યાં અટકી જઈ શકીએ નહીં. એ તો રેલવે સ્ટેશન જેવું છે, પણ રેલવે પ્લૅટફૉર્મ એ આપણું ઘર નથી. માત્ર તેણે જ આખરી સત્ય પ્રાપ્ત કર્યું છે જેણે સમગ્ર વિશ્વ આનંદનું સર્જન છે એમ જાણ્યું છે.

આ મને એમ વિચારવા તરફ લઈ જાય છે કે માનવ-હૃદયનો કુદરત સાથેનો સંબંધ કેવો રહસ્યભર્યો હોવો જોઈએ. પ્રવૃત્તિની બાહ્ય દુનિયામાં કુદરતને એક પાસું હોય છે, પણ આપણા હૃદયમાં, આપણી આંતરિક દુનિયામાં, તે તદ્દન જુદું જ ચિત્ર રજૂ કરે છે.

દાખલા તરીકે – છોડ પરનું ફૂલ. તે ગમે તેટલું સુંદર અને નાજુક દેખાતું હોય તેને મોટી સેવા કરવા માટે દબાણ હોય છે, અને તેના બધા વળાંકો અને આકારો તેના કાર્યને અનુકૂળ હોય છે. તેણે ફળનો ઉદ્ભવ કરવો પડે, નહીં તો છોડના જીવનનું સાતત્ય તૂટી જશે અને ધરતી થોડા જ વખતમાં એક રણ જેવામાં ફેરવાઈ જશે. ફૂલમાં રંગ અને સુગંધ બધું કોઈ હેતુ સાધવા માટે હોય છે; માખીથી જેવું તે ફલિત થાય છે અને ફલિત થવાનો તેનો સમય પાકે છે, ત્યારે તે તેની સુંદર પાંદડીઓને ખેરવી દે છે અને કોઈ નિષ્ઠુર અર્થતંત્ર તેને તેની મધુર સુવાસ છોડી દેવાને મજબૂર કરે છે. તેને તેનું માધુર્ય પ્રગટ કરવાનો, દેખાડવાનો સમય હોતો નથી; કારણ કે તે અત્યંત વ્યસ્ત હોય છે. બહારથી જોતાં, એવું લાગે છે કે કુદરતમાં એક જરૂરિયાત જ એકમાત્ર પરિબળ છે જેને માટે દરેક બાબત કામ કરે છે અને ગતિ કરે છે. કળી ફૂલમાં વિકસે છે, ફૂલ ફળમાં વિકસે છે, ફળ બીજમાં, અને બીજ ફરીથી એક નવા છોડમાં વિકસે છે અને એ પ્રમાણે પ્રવૃત્તિની સાંકળી તૂટ્યા વિના ચાલ્યા કરે છે. જો ત્યારે કોઈ અવરોધ કે આપત્તિ ઊભી થઈ જાય તો કોઈ પ્રકારનો બચાવ

સ્વીકારવામાં આવે નહીં, અને આ કમભાગી વસ્તુ તેની ગતિમાં જ રૂંધાઈ જાય તો તેને અવગણનાનાં લેબલ એકદમ જ ચોંટાડવામાં આવે છે, અને તે એકદમ ઉતાવળે કરમાઈ મરવામાં અને અદશ્ય થવાના માર્ગે જશે. કુદરતની આ વિશાળ ઑફિસમાં અંતહીન કામો ચાલી રહેલાં હોય એવા અ-ગણિત વિભાગો હોય છે; અને ભભકાભર્યા પોશાકમાં સજ્જ અને એક ઉચ્છૃંખલ યુવાનની જેમ સુવાસિત, એવા સરસ ફૂલને તમે ત્યાં જુઓ છો તે તમને એક શ્રમિકની માફક સૂર્યમાં અને વરસાદમાં મહેનત કરી રહ્યું હોય છે; એણે તેના કામનો ચોખ્ખો હિસાબ આપવાનો હોય છે અને તેને રમતગમત, નાચવુંકૂદવું એવો આનંદ માણવાને કોઈ અવકાશ જ હોતો નથી.

પરંતુ જ્યારે આ જ ફૂલ માનવહૃદયમાં પ્રવેશે છે ત્યારે તેની આ વ્યસ્ત વાસ્તવિકતાનું પાસું અદશ્ય થયું હોય છે, અને તે ફુરસદ અને શાંતિનું પ્રતીક બની જાય છે. તે જ પદાર્થ જે બહારથી અંતહીન પ્રવૃત્તિનું મૂર્ત રૂપ હોય છે તે સૌંદર્ય અને શાંતિના આંતરિક રૂપે પૂર્ણ અભિવ્યક્તિ પામે છે.

વિજ્ઞાન આપણને અહીં ચેતવે છે કે આપણે ભુલાવામાં પડ્યા છીએ, ફૂલનો હેતુ એ બીજું કશું નહીં પણ બહારથી આવિષ્કૃત થયું છે અને સૌંદર્ય તથા માધુર્યનો સંબંધ જેને વિશે આપણે વિચારીએ છીએ કે તે આપણા પર આધાર રાખે છે તે બધું આપણે જ ઘડી કાઢેલું હોય છે – કાલ્પનિક અને નિર્હેતુક.

પણ આપણું હૃદય ઉત્તર આપે છે કે આપણે જરાયે ભુલાવામાં પડ્યા નથી. કુદરતના ક્ષેત્રમાં ફૂલ એવું એક certificate સાથે રાખે છે કે જે તેને ઉપયોગી કાર્ય કરવાની પુષ્કળ શક્તિ ધરાવનાર તરીકે ભલામણ કરે છે, પણ તે એકદમ જ જુદી પ્રકારનો પરિચયનો (introduction) – ઓળખનો – પત્ર લાવે છે જ્યારે તે આપણા હૃદયના દ્વારે ટકોરા પાડે છે. સૌંદર્ય તેનો એકમાત્ર ગુણવિશેષ હોય છે કે એક સ્થળે તે ગુલામ તરીકે આવે છે અને બીજે સ્થળે સ્વતંત્ર પદાર્થ તરીકે આવે છે. તો પછી આપણે કેવી રીતે તેની પહેલી ભલામણને શાખ દેવી જોઈએ અને બીજીને અ-માન્ય કરવી જોઈએ? ફૂલ કાર્ય-કારણની અતૂટ સાંકળીમાં તેનું અસ્તિત્વ ધરાવે છે તે વાત નિઃશંકપણે સત્ય છે, પરંતુ તે બાહ્ય સત્ય છે. આંતરિક સત્ય તો છે : "બધા પદાર્થોને તેમની ઉત્પત્તિમાંથી થતા શાશ્વત આનંદને ચકાસો."[1]

---

1. *આનંદાત્ અધ્યેવ ખલુ ઈમાનિ ભૂતાનિ જાયન્તે ।*

આમ ફૂલને કુદરતમાં જ એક તેનું કર્તવ્ય હોય છે એવું નથી, પણ તેને એક બીજું મોટું કર્તવ્ય બજાવવાનું હોય છે અને તે માનવમનમાં અને તે કયું કર્તવ્ય છે? કુદરતમાં તેનું કામ એક સેવક જેવું છે, જેણે નિર્ણીત સમયે તેની હાજરી ભરવી પડે છે, પણ માનવહૈયામાં તે રાજા તરફથી આવતા એક સંદેશવાહક રૂપે આવે છે. 'રામાયણ'માં જ્યારે સીતાને તેના પતિ પાસેથી બળજબરીપૂર્વક અલગ કરવામાં આવી છે, ત્યારે તે રાવણના સોનાના મહેલમાં તેના દુષ્ટ નસીબ પર દુઃખી થઈ રહી છે, ત્યારે તેને એક સંદેશ લાવનાર સાથે મળવાનું થાય છે; તે સંદેશવાહક તેની સાથે સીતાના પ્રિયતમ 'રામચંદ્ર'ની પોતાની વીંટી લઈને આવ્યો છે. તે વીંટીને જોતાં જ તે વ્યક્તિએ લાવેલા સમાચારનું સત્ય સીતાને પ્રતીત થાય છે. તેને એકદમ જ ખાતરી થાય છે કે તે તેના પ્રિયજન પાસેથી જ આવ્યો છે; તેના પ્રિયજન તેને ભૂલી ગયા નથી અને નજીકમાં છે તેને છોડાવવા માટે.

આપણા મહાન પ્રેમી પાસેથી આવનાર આવું સંદેશવાહક છે એક ફૂલ. દુન્યવીપણાની દશ્યાવલી અને ભભકાથી ઘેરાયેલા, જે ભભકાને રાવણની સોનાની નગરી સાથે જોડી શકાય, હોવા છતાં આપણે દેશનિકાલની સ્થિતિમાં રહીએ છીએ; દરમિયાન દુન્યવી સમૃદ્ધિનો ઘમંડી મિજાજ આપણને મોહકતાથી લલચાવે છે અને આપણા પર તેની વધૂ હોવાનો દાવો કરે છે. આ સમયગાળામાં બીજા કિનારેથી સંદેશો લઈને ફૂલ આવે છે અને આપણા કાનમાં હળવેથી ગુસપુસ કરી જાય છે, "હું આવું છું. તેણે (He) મને મોકલ્યું છે. હું સૌંદર્યનો સંદેશવાહક છું, એવો સંદેશવાહક જેનો આત્મા પ્રેમનો પરમાનંદ છે. આ એકાંતના ટાપુ પર તેના દ્વારા સેતુ બાંધવામાં આવ્યો છે; તે તને ભૂલી ગયો નથી; તે તને હજી હમણાં પણ મુક્ત કરશે. તે તને તેનામાં સમાવી લેશે અને તને એનો પોતાનો કરશે. હવે કોઈ ભ્રમ તને ગુલામીમાં સદા માટે પકડી રાખશે નહીં."

જો આપણે જાગ્રત હોઈશું તો તેને પ્રશ્ન કરીશું : "અમને કેવી રીતે ખબર પડે કે તું સાચે જ એની પાસેથી આવ્યું છે?" સંદેશવાહક કહે છે, "જો તો ખરો! તેની પાસેથી હું આ વીંટી લાવ્યો છું. તેના રંગો અને મોહભર્યું માધુર્ય કેટલું બધું સુંદર છે?"

આહ! નિઃશંક, તે તેનું જ ખરેખર છે – તે અમારી લગ્નની વીંટી છે; હવે બીજું બધુંય વિસ્મૃતિમાં ચાલી જાય છે; કેવળ આ શાશ્વત પ્રેમના સંસ્પર્શનું

મધુર પ્રતીક ગહન ઝંખનાથી આપણને ભરી દે છે. આપણે સમજીએ છીએ કે જ્યાં આપણે છીએ તે સોનાના રાજમહેલને આપણી સાથે કશું લાગતુંવળગતું નથી – આપણી મુક્તિ તો તેની બહાર રહેલી છે અને ત્યાં જ આપણા પ્રેમની પરિણતિ છે અને આપણા જીવનની સંતર્પકતા છે.

કુદરતમાં માખીનું જે છે તે તો માત્ર રંગ અને ગંધ છે, અને જે ચિહ્નો કે ટપકાં મધ તરફનો સાચો રસ્તો બતાવે છે તે માનવહૃદયને માટે જરૂરિયાતથી શાસિત થયા વિનાનાં સૌંદર્ય અને આનંદ હોય છે. તેઓ બહુ રંગી શાહીમાં લખાયેલા પ્રેમપત્રને હૃદય સુધી લાવે છે.

એટલા માટે હું તમને કહી રહ્યો હતો કે કાર્યરત કુદરત બહારથી ગમે તેટલી વ્યસ્ત હોય, તેને હૃદયમાં એક ગુપ્ત ખંડ હોય છે જ્યાં તે આવે છે અને જાય છે મુક્તપણે, કોઈ પણ પ્રકારની ગોઠવણી કે યોજના વિના આવે-જાય છે. ત્યાં તેની વર્કશૉપનો અગ્નિ એક ઉત્સવના દીવાઓમાં પરિવર્તિત થાય છે, તેની ફૅક્ટરીનો અવાજ સંગીત જેવો સંભળાય છે, કાર્ય અને કારણની લોખંડની સાંકળો બહાર કુદરતમાં ભારે અવાજ કરે છે, પણ માનવહૃદયમાં તેનો નિર્ભેળ આહ્લાદ જાણે હાર્પ (વાજિંત્ર)ના સોનેરી તારોની જેમ રણકતો લાગે છે.

એ સાચે જ અદ્ભુત ભાસે છે કે કુદરતને એક જ સમયે આવા બે પાસા સાથે હોય છે, અને – એટલે થોડું વિરોધી તત્ત્વોવાળું – એક પાસું ગુલામીનું અને બીજું મુક્તિનું. એક જ આકાર, અવાજ, રંગ અને સ્વાદમાં બે વિરોધી સૂરો સંભળાય છે – એક જરૂરિયાતનો અને બીજો આનંદનો. બાહ્યરૂપે કુદરત વ્યક્ત અને બે-ચેન હોય છે, આંતરિક રૂપે તે પૂર્ણ ખામોશ અને શાંત હોય છે. તેને એક તરફ શ્રમ હોય છે અને બીજી તરફ આરામ હોય છે. તમે તેના બંધનને તો જ્યારે બહારથી જુઓ ત્યારે જ માત્ર જુઓ છો; પરંતુ તેના અંતરમાં તો સીમાહીન સૌંદર્ય રહેલું છે.

આપણાં દ્રષ્ટા કહે છે : “સર્વ પ્રાણીઓ આનંદમાંથી જન્મ્યાં છે, આનંદથી જ તેઓ પોષાય અને જળવાય છે, આનંદ તરફ તે પ્રગતિ કરે છે, અને આનંદમાં તે પ્રવેશે છે.”

એવું નથી કે આ દ્રષ્ટા કાયદાને કે નિયમને અવગણે છે, અથવા તો તેમનું આ નિઃસીમ આનંદનું ચિંતન, તેમના અમૂર્ત વિચારધારામાં અતિશય મગ્ન રહેવામાંથી ઉદ્ભવેલા નશામાંથી પણ ઉદ્ભવ્યું નથી. તે પૂર્ણપણે કુદરતના

કઠોર નિયમોને જાણે છે, અને કહે છે, "અગ્નિ તેના ભયથી પ્રજ્જ્વલે છે (એટલે કે તેના નિયમના ભયથી); સૂર્ય તેના ભયથી પ્રકાશે છે, અને પવન, વાદળાં, મૃત્યુ તેમનાં કર્તવ્યો તેના ભયથી બજાવે છે." એ લોખંડી નિયમનું શાસન છે, જરા સરખા ઉલ્લંઘન માટે પણ શિક્ષા કરવા તૈયાર હોય છે, છતાં કવિ માધુર્યભર્યું ગીત લલકારે છે, "સર્વ પ્રાણીઓ આનંદમાંથી જન્મ્યાં છે, આનંદથી જ તેઓ પોષાય છે અને જળવાય છે, આનંદ તરફ તે પ્રગતિ કરે છે, અને આનંદમાં તે પ્રવેશે છે."

"અમરત્વ પામેલો વ્યક્તિ પોતાને આનંદ-સ્વરૂપે પ્રકટ કરે છે."[2] સર્જનમાં તેનું આવિષ્કરણ તેના આનંદની પરિપૂર્ણતામાંથી હોય છે. આ વિપુલ આનંદનો એ સ્વભાવ હોય છે કે તે નિયમ-રૂપમાં પોતાને પામે છે. રૂપ વિનાનો જે આનંદ હોય છે તેણે સર્જાવું જ પડે, તેણે પોતાને સ્વરૂપોમાં અવતરિત કરવાં જ પડે. ગાયકનો આનંદ એક ગીતના સ્વરૂપે વ્યક્ત થાય છે અને કવિનો આનંદ એક કાવ્યના સ્વરૂપે વ્યક્ત થાય છે. એક સર્જક તરીકેની પોતાની ભૂમિકામાં માનવ સદાયે સ્વરૂપો સર્જતો હોય છે, અને તેઓ તેના ઊભરાતા વિપુલ આનંદમાંથી પ્રકટે છે.

જેનું અન્ય નામ પ્રેમ છે તે આ આનંદને તેની પ્રકૃતિથી જ, સ્વભાવથી જ તેના પોતાના સાક્ષાત્કાર માટે દ્વંદ્વ હોવો જોઈએ. જ્યારે ગાયકને કોઈ પ્રેરણા પ્રેરિત કરે છે ત્યારે તે પોતાને 'બે'માં વિભાજિત કરે છે : તેનામાં તેની પોતાની બીજી 'જાત' 'સ્વ' હોય છે જે શ્રોતાની હોય છે, અને બહારનો શ્રોતાગણ તેના આ બીજા 'સ્વ'નું માત્ર વિસ્તરણ જ હોય છે. પ્રેમી તેના બીજા 'સ્વ'ને તેની પ્રેમિકામાં શોધે છે. તે આનંદ છે, જે આ જુદાઈ કે અલગતા સર્જે છે; જેનાથી એકત્વના અવરોધો દ્વારા પામવા માટે આમ થાય છે.

'અમૃતમ્' – અમર પરમાનંદે – પોતાને બેમાં વિભાજિત કર્યા છે. આપણો આત્મા પ્રેમીજન છે, તે તેનો બીજો 'સ્વ' છે. આપણે અલગ છીએ, પરંતુ જો આ અલગતા આખરી અને પૂરેપૂરી હોત તો તો દુઃખ અને અવિરત દુષ્ટતા આ દુનિયામાં ચાલ્યા જ કરે. પછી તો આપણે અ-સત્યમાંથી સત્યને ક્યારેય પહોંચી શકીએ નહીં, અને આપણે ક્યારેય એવી આશા રાખી શકીએ નહીં કે પાપમાંથી હૃદયની શુદ્ધિ પામી શકીશું; પછી તો બધી જ તકો હંમેશાં વિરોધોમાં જ રહે,

---

2. *આનંદરૂપં અમૃતં યદ્ વિભાતિ... ।*

અને આપણે ક્યારેય એવું માધ્યમ શોધી શકીએ નહીં જેના દ્વારા આપણા વિચારભેદ ક્યારેય મિલન તરફ વળે. પછી તો આપણી પાસે ભાષા ના હોય, સમજૂતી ના હોય, હૃદયોનું હળવાભળવાનું મિશન ના હોય, જીવનમાં સહકાર ના હોય. પરંતુ, ઊલટું, આપણે અનુભવીએ છીએ કે પદાર્થોની અલગતા પ્રવાહી સ્થિતિમાં હોય છે. તેમનાં વ્યક્તિત્વો પણ બદલાતાં હોય છે, તેઓ એકબીજાને મળે છે અને એકબીજામાં ભળે છે. જ્યાં સુધી વિજ્ઞાન પોતે જ દાર્શનિકતા તરફ વળે છે, પદાર્થ તેની સીમાઓને ગુમાવી દે છે અને જીવનની વ્યાખ્યા વધારે ને વધારે અનિશ્ચિત બનતી જાય છે ત્યાં સુધી આમ રહે છે.

હા, આપણો વ્યક્તિગત આત્મા પરમ આત્મામાંથી વિખૂટો થયો હોય છે, પરંતુ આ જુદાઈમાંથી નથી થયું હોતું; પણ પ્રેમની ભરપૂરતામાંથી થયું હોય છે. એ કારણને લીધે જ અસત્યો, પીડાઓ અને દૂરિતતત્ત્વો સ્થગિત થઈ ગયાં હોતાં નથી; માનવ-આત્મા તેઓને હંફાવી શકે છે, તેમને અતિક્રમી જઈ શકે છે, ના, એટલું નહીં, તેમને નવાં સામર્થ્ય અને સૌંદર્યમાં એકદમ જ પરિવર્તિત કરી દઈ શકે છે.

ગાયક તેના ગીતને ગાયનમાં અવતરિત કરે છે, તેના આનંદને સ્વરૂપોમાં ઉતારે છે અને શ્રોતા એ ગાયનને ફરી પાછું મૂળ આનંદમાં અવતારે છે; ત્યારે ગાયક અને શ્રોતા વચ્ચેનું તાદાત્મ્ય પરિપૂર્ણ થાય છે. અસીમ આનંદ, નિયમના બંધનને પોતા પર લઈને વિપુલ પ્રમાણમાં સ્વરૂપોમાં પોતાનો આવિષ્કાર કરે છે અને આપણે આપણી નિયતિ પૂરી કરીએ છીએ, જ્યારે આપણે આનંદનાં સ્વરૂપોમાંથી, નિયમમાંથી પ્રેમ તરફ પાછા ફરીએ છીએ – જ્યારે સીમિતની ગાંઠને ખોલી દઈએ છીએ અને ફરી પાછા અસીમ તરફ જઈએ છીએ ત્યારે પાછા ફરીએ છીએ.

માનવ-આત્મા, નિયમ કે કાયદામાંથી પ્રેમ તરફ, શિસ્ત-શાસનમાંથી મુક્તિ તરફ, નૈતિક ધરાતલ પરથી આધ્યાત્મિક તરફ, તેની યાત્રા હોય છે. બુદ્ધે આત્મસંયમની શિસ્ત અને નૈતિક જીવનનો ઉપદેશ આપ્યો હતો; તે નિયમનો સંપૂર્ણ સ્વીકાર છે, પરંતુ નિયમના આ બંધનનો તેનામાં જ અંત હોઈ ના શકે; એના ઊંડાણથી નિપુણતા મળતાં આપણે એની પેલે પાર જવાનાં સાધનો પ્રાપ્ત કરીએ છીએ. તે ફરીથી બ્રહ્મ તરફ પાછા જવાનું છે, અનંત પ્રેમ તરફ જવાનું છે, જે નિયમનાં સીમિત સ્વરૂપો દ્વારા પોતાને આવિષ્કૃત કરે છે. બુદ્ધ તેને બ્રહ્મ-વિહાર એવી સંજ્ઞા આપે છે; બ્રહ્મમાં નિવાસ કરવાનો આનંદ. જે આ

સ્તરે પહોંચવા ઇચ્છે છે, બુદ્ધની વિચારણા પ્રમાણે, તે "કોઈને છેતરશે નહીં, કોઈને માટે ધિક્કારને માન્ય કરશે નહીં, અને ક્રોધથી કોઈને ક્યારેય હાનિ પહોંચાડવાનું ઇચ્છશે નહીં. તેનામાં સર્વ પ્રાણીઓ પ્રત્યે અ-માપ પ્રેમ હશે; જેવી રીતે એક માતાને તેના એકમાત્ર બાળક પ્રત્યે હોય છે તેવી રીતે હશે; તેને તે તેના પોતાના જીવન વડે રક્ષે છે. તેની ઊંચે, નીચે અને બધે આસપાસ તે તેના પ્રેમને પ્રસરાવશે; એ પ્રેમને કોઈ સીમાઓ, કોઈ અવરોધો હોતાં નથી અને તે બધી જ ક્રૂરતા અને વેરભાવથી મુક્ત હોય છે. ઊભા રહેતાં, બેસતાં, ચાલતાં, આડા પડતાં, છેક સૂઈ જતાં, તે તેના મનને વૈશ્વિક સદ્ભાવનાના અભ્યાસમાં પ્રવૃત્ત રાખશે."

પ્રેમનો સ્વભાવ તે એક રીતે રીઢાપણું કે ઉદાસીન વૃત્તિ છે, કારણ કે આપણે સમજી શકતા નથી, અથવા એમ કહેવાય કે આપણે સમજી શકતા નથી, કારણ કે આપણે પ્રેમ કરતા નથી. કારણ કે, આપણી આસપાસ જે કંઈ છે તેનો અંતિમ અર્થ જ પ્રેમ છે; એ માત્ર એક લાગણી કે સંવેદન નથી, તે સત્ય છે; એ તો આનંદ છે જે સકળ સર્જનના મૂળમાં છે, સ્રોતમાં છે. એ તો શુદ્ધ ચેતનત્વનો સફેદ પ્રકાશ છે જે બ્રહ્મમાંથી પેદા થઈ બહાર નીકળે છે. તેથી આ 'સર્વાનુભુઃ', આ સર્વતોમુખી-સંવેદન (all-feeling) કરનાર હસ્તી/વ્યક્તિ (being) જે બાહ્ય અવકાશમાં છે અને સાથોસાથ આપણી આંતરિક ચેતનામાં છે તેને આપણે ચેતનાના શિખર સુધી પ્રાપ્ત કરવો જોઈએ, જે વળી પાછો પ્રેમ જ છે. "કોણ શ્વસી શક્યું હોત અથવા ગતિશીલ રહ્યું હોત જો આકાશ આનંદથી ભરાયેલું ન હોત તો? પ્રેમથી ભરાયેલું ન હોત તો?"[3] આપણી ચેતનાના ઉચ્ચ શિખર દ્વારા પ્રેમમાં અને સમગ્ર વિશ્વમાં તેના પ્રસારણ દ્વારા આપણે 'બ્રહ્મ-વિહાર'ને- અસીમ આનંદ સાથેના તાદાત્મ્યને – પ્રાપ્ત કરી શકીએ.

પ્રેમ સહજ સ્ફૂર્તતાથી અંતહીન ઉપહારોમાં પોતાને આપે છે, સમર્પે છે, પરંતુ આ ઉપહારો તેમનું પૂર્ણતમ મહત્ત્વ ગુમાવી દે છે, જો તેઓ દ્વારા આપણે પેલા પ્રેમ સુધી પહોંચીએ નહીં તો, આ પ્રેમ જ આપનાર છે. તેવું કરવાને આપણા પોતાના હૃદયમાં આપણો પ્રેમ હોવો જ જોઈએ. જે વ્યક્તિમાં પ્રેમ નથી તે તેના પ્રેમીના ઉપહારોનું મૂલ્ય તેમની ઉપયોગિતાના સંદર્ભે જ માત્ર કરે છે. પરંતુ ઉપયોગિતા ક્ષણિક અને પક્ષપાતી હોય છે; તે આપણા સમગ્ર અસ્તિત્વને

*3. કો હિ એવ અન્યાત્ કઃ પ્રાણ્યાત્*
*યદ્ એષ આકાશે આનંદો ન સ્યાત્ ॥*

(being) ક્યારેય આવરી લઈ શકે નહીં. જે કંઈ ઉપયોગી છે તે તો આપણને કેવળ તે જ બિંદુએ સ્પર્શે છે જ્યાં આપણી કોઈ જરૂરિયાત હોય છે. જ્યારે જરૂરિયાત સંતોષાઈ જાય છે, ત્યારે ઉપયોગિતા ચાલુ રહે તો તે એક બોજ બની જાય છે. બીજી તરફ જો આપણા હૃદયમાં પ્રેમ હોય તો માત્ર એક પ્રતીક કે નિશાની આપણા માટે કાયમ માટે મૂલ્યવાન હોય છે. કારણ કે તે કોઈ વિશિષ્ટ ઉપયોગ માટે નથી હોતું. તે તો તેનામાં જ આખરી અંત હોય છે; તે આપણા સમગ્ર અસ્તિત્વ માટે હોય છે અને તેથી તે આપણને ક્યારેક કંટાળો કે વ્યગ્રતા આપી શકે નહીં.

પ્રશ્ન એ છે કે આનંદના એક પૂર્ણ ઉપહાર રૂપ આ વિશ્વને આપણે કઈ રીતે સ્વીકારીએ છીએ? શું આપણે તેને આપણા હૃદયમાં આવકારવા શક્તિમાન છીએ, જ્યાં જે હૃદયમાં, આપણે મન તુચ્છ, ક્ષુલ્લક મૂલ્યની વસ્તુઓને પ્રતિષ્ઠિત કરી રાખતાં હોઈએ છીએ? આપણે ગાંડાની જેવા વ્યસ્ત રહીએ છીએ – આપણે વિશ્વનાં પરિબળોનો ઉપયોગ વધુ ને વધુ સત્તા મેળવવા કરીએ છીએ, આપણે તેની દુકાનોમાંથી ખવડાવીએ છીએ અને કપડાં લઈ પહેરીએ છીએ, આપણે તેની સંપત્તિ માટે રખડી, ધક્કામુક્કી કરીએ છીએ, અને તે આપણા માટે ભારે ભયાનક સ્પર્ધાનું ક્ષેત્ર બની જાય છે. તો શું આપણે આને માટે જન્મ લીધો છે? આમ આ દુનિયા પર આપણા માલિકી હક્કો પ્રસરાવી વધારવા માટે? અને તેની બજારુ મિલકત, વેપારની જણસ બનાવવા માટે? જ્યારે આપણું આખું ચિત્ત આ દુનિયાનો ઉપયોગ કરવા તરફ જ ઢળેલું હોય છે ત્યારે તે આપણે માટે તેના સાચા મૂલ્યને ખોઈ બેસે છે. આપણે તેને આપણી કુત્સિત તૃષ્ણાઓ વડે હલકું, નીચું બનાવી દઈએ છીએ અને આપણા જીવનના અંત સુધી એના પર જ આપણને પોષીએ છીએ અને તેની સચ્ચાઈને ગુમાવી દઈએ છીએ. આ પેલા લોભી બાળકના વર્તન જેવું છે – તે કીમતી પુસ્તકનાં પાનાં ફાડ્યા કરે છે અને તેને ગળી જવાનો પ્રયાસ કર્યા કરે છે.

જે પ્રદેશોમાં માનવભક્ષિતા પ્રચલિત છે ત્યાં માણસ માણસ તરફ તેના ખોરાકની દૃષ્ટિએ જુએ છે. આવા દેશમાં ક્યારેય સભ્યતા સંભવિત બની શકે નહીં, કારણ કે ત્યાં માનવી તેના ઉચ્ચતર મૂલ્યોને ગુમાવી દે છે અને તે અતિ સામાન્ય બની રહે છે. પણ બીજા પ્રકારની માનવભક્ષિતા પણ પ્રવર્તમાન હોય છે, કદાચ તે આટલી બધી સ્થૂળ અને નીચી નથી હોતી, પણ તે જરાયે ઓછી ઘૃણાસ્પદ હોતી નથી; આને માટે બહુ દૂર જવાની જરૂર નથી. સભ્યતાની

ઉચ્ચતર કક્ષા ધરાવતા દેશોમાં આપણે કેટલીક વાર જોઈએ છીએ કે માણસને માત્ર એક શરીર તરીકે જ લેખવામાં આવ્યો છે અને કેવળ તેની માંસ-મજ્જાની કિંમતે તે બજારમાં વેચાયો છે; કેટલીક વાર તે ઉપયોગી બન્યો હોવાને કારણે તેની પૂરી કિંમત મેળવે છે; તેને એક યંત્રમાં ફેરવાયો હોય છે, અને સંપત્તિ ધરાવતા માણસ દ્વારા તેની પાસેથી વધુ ધન એકઠું કરવા તેને બજારમાં વેચવા મુકાયો છે. આમ આપણી વાસના, આપણો લોભ, સુખ-સગવડ માટેનો આપણો મોહ માનવીને તેની નિમ્નતર પાયરીએ ઉતારી દેવામાં પરિણમે છે. મોટા પાયા પરની આ આત્મવિડંબના છે, આત્મછલના છે. આપણી તૃષ્ણાઓ માનવમાં રહેલા સત્ય તરફ આપણને અંધ બનાવી દે છે, અને આ જ આપણા આત્મા પ્રતિ આપણા દ્વારા જ સાચવવામાં આવેલું સૌથી મોટું જુઠ્ઠાણું છે. તે આપણી ચેતનાને મૃતઃપ્રાય કરે છે, અને તે આખરે આધ્યાત્મિક કે આત્મિક આત્મહત્યાની ધીમી ગતિએ જવાની પદ્ધતિ છે. તે સભ્યતા પર વિરૂપતાનાં ચાંદાં ઊપસાવે છે, ત્યાં ખોરડાં અને વૈશ્યાલયોને જન્મ આપે છે; તેના વૈરભાવભર્યા કાયદાઓ, તેની ક્રૂરતાભરી જેલની પદ્ધતિઓ, પરદેશી જાતિઓના લોકોને વ્યવસ્થિત ચોકઠાં ગોઠવી થતા શોષણ વગેરેને જન્મ આપે છે. એટલે સુધી કે આ શોષણ તે પરદેશીઓને સ્વ-રાજ્યની શિસ્ત/કારભાર અને સ્વ-રક્ષણનાં સાધનોથી વંચિત કરી દઈ કાયમને માટે તેમને ઘા આપી નુકસાન પહોંચાડે છે.

અલબત્ત, એક માનવી બીજા માનવીને ઉપયોગી તો છે, કારણ કે તેનું શરીર અદ્‌ભુત યંત્ર છે અને તેનું ચિત્ત આશ્ચર્યજનક સામર્થ્ય ધરાવતું શરીરનું અવયવ છે, પરંતુ આ માનવી સાથોસાથ એક પ્રાણતત્ત્વ છે અને આ તત્ત્વને માત્ર પ્રેમથી જ સાચેસાચું જાણી શકાય છે. જ્યારે આપણે માનવીની ગણતરી તેની આપણી અપેક્ષાવાળી સેવાની બજારુ કિંમતથી કરીએ છીએ ત્યારે આપણે તેને અપૂર્ણ રૂપે ઓળખીએ છીએ. તેની આ સીમિત ઓળખાણ અને માહિતી દ્વારા તેના પ્રત્યે અન્યાયી થવાનું આપણે માટે સરળ બની જાય છે અને વળી વિજયી હોવાના આત્મ-અભિનંદનની લાગણીઓ સેવવાનું પણ સહેલું થાય છે. આ બધું ત્યારે અનુભવીએ છીએ જ્યારે આપણે પક્ષે કેટલાક ક્રૂરતાભર્યા લાભોને કારણે, આપણે જે ભરપાઈ કર્યું છે તેનાથી ઘણું વધારે આપણે તેની પાસેથી કઢાવી લઈ શકીએ છીએ. પણ જ્યારે આપણે તેને એક પ્રાણતત્ત્વ/આત્મતત્ત્વ રૂપે ઓળખીએ ત્યારે તેને આપણા પોતાના રૂપે જાણીએ. આપણને એકદમ જ અનુભવાય છે કે તેને થયેલી ક્રૂરતા તે આપણને થયેલી ક્રૂરતા છે; તેને નાનો-

નીચો ચીતરવો તે આપણી પોતાની માનવતામાંથી ચોરી કરવા જેવું છે, અને માત્ર અંગત લાભ માટે તેની ઉપયોગિતા શોધવી તેમાં આપણે માત્ર પૈસામાં કે સગવડમાં કંઈક લાભ મેળવીએ છીએ, જે ખરેખર તો આપણે આપીએ છીએ.

એક દિવસ હું ગંગા નદીમાં નાવમાં નીકળ્યો હતો. પાનખર ઋતુની તે એક સુંદર સાંજ હતી. સૂર્ય હજી હમણાં જ અસ્ત પામ્યો હતો; આકાશની સ્તબ્ધતા ન સમજાય તેવી શાંતિ અને સુંદરતાથી પૂર્ણપણે ભરપૂર હતી; એક પણ તરંગ વિનાનો પાણીનો વિશાળ મહેરામણ સૂર્યાસ્તના આવકારને બદલાતી છાયાઓ સાથે પ્રતિબિંબિત કરતો હતો. માઈલોના માઈલો સુધી નિર્જન રેતી-પટ પર કોઈ યુગના વિશાળકાય ઉભયચર સરીસૃપની જેમ, જેમાં ભીંગડાં ચળકતાં રંગોમાં ઝળહળી રહ્યાં હતાં, એવા સરીસૃપની જેમ પથરાયેલો હતો. જ્યારે અમારી નાવ ઢાળવાળા અને પંખીઓની એક કૉલોનીના માળાના બાકોરામાંથી કાણાં-કાણાંવાળા નદીકિનારા પાસેથી ચૂપચાપ સરી રહી હતી ત્યારે એકાએક એક મોટી માછલી પાણીની સપાટી પર ઊછળી અને પછી અદશ્ય થઈ; તે વખતે સાંજના આકાશના બધા રંગો તેની અદશ્ય થતી આકૃતિ પર દેખાઈ રહ્યા હતા. તેણે એક ક્ષણ માટે પાછળના બહુરંગી પડદાને બાજુએ ખસેડ્યો, જે પડદાની પાછળ જીવનના આનંદથી ભરપૂર શાંત વિશ્વ હતું. ને તેના રહસ્યભર્યા રહેઠાણના ઊંડાણમાંથી સુંદર નૃત્યની ગતિઓ ઉપર આવી અને અસ્ત થતા દિવસના શાંત વૃંદવાદનમાં તેનું પોતાનું સંગીત ઉમેર્યું. મને થયું કે જાણે કોઈ દૂરના દેશમાંથી તેની પોતાની ભાષામાં મને મૈત્રીભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું; તે મારા હૃદયને ઉલ્લાસના ચમકારાથી સ્પર્શી ગયું. પછી એકાએક નાવિકે તેની દુઃખભરી વિશિષ્ટ વાણીમાં આશ્ચર્યભર્યો સૂર કાઢ્યો : "આહા કેવી મોટી માછલી!" તે બાબતે એકદમ જ તેનાં મનઃચક્ષુ સમક્ષ પકડાઈ ગયેલી માછલીનું ચિત્ર આણ્યું અને તેના વાળુ (supper) માટે તૈયાર થયેલી જણાઈ. તે માછલી તરફ કેવળ તેની ઇચ્છાની દૃષ્ટિએ જ જોઈ શક્યો અને માછલીના અસ્તિત્વની સમગ્ર સચ્ચાઈને જ ગુમાવી દીધી, પરંતુ માણસ પૂરેપૂરો પશુ તો નથી જ. તે કોઈ આધ્યાત્મિક દર્શનને ઝંખે છે, જે દર્શન સમગ્ર સત્યનું દર્શન હોય છે. આ બાબત તેને સર્વોચ્ચ આનંદ આપે છે, કારણ કે તે તેની સમક્ષ તેના અને તેના પરિવેશ વચ્ચે પ્રવર્તતી ગહન સંવાદિતાને ઉદ્‌ઘાટિત કરે છે. તે તો આપણી તૃષ્ણાઓ જ છે જે આપણા આત્મ-સાક્ષાત્કારના વ્યાપને મર્યાદિત કરે છે, આપણી ચેતનાના વિસ્તારને અવરોધે છે, અને પાપને જન્માવે છે; આ

પાપ અંતરતમ અવરોધ છે જે આપણને આપણા ઈશ્વરથી દૂર રાખે છે અને અનૈક્યને તેમ જ અલગતાના અહમ્‌ને સ્થાપિત કરે છે. કારણ કે પાપ એ કોઈ એક કાર્ય માત્ર નથી, પણ જીવન પ્રત્યેનો એક અભિગમ છે. આ અભિગમ એવું ધારી જ લે છે કે આપણું ધ્યેય સીમિત છે, આપણો સ્વ (self) આખરી સત્ય છે, આપણે બધા મૂળભૂત રીતે 'એક' નથી પણ દરેક જણ તેના પોતાના અલગ વ્યક્તિગત અસ્તિત્વ માટે જીવે છે.

તેથી હું પુનરાવર્તન કરું છું : જ્યાં સુધી આપણી પાસે માનવી માટે પ્રેમભાવના નથી ત્યાં સુધી આપણને માનવીનો એક સાચો દૃષ્ટિકોણ સાંપડી શકે નહીં. સભ્યતા વિશે નિર્ણય આપવો કે મૂલ્યાંકન કરવું તે માત્ર તેણે વિકસિત કરેલી શક્તિના પ્રમાણથી થવું જોઈએ નહીં, પણ તેણે કેટલી ઉત્ક્રાંતિ કરી છે અને તેનાં નીતિ-નિયમો તથા સંસ્થાઓ દ્વારા માનવતા પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ કરી છે તેનાથી થવું જોઈએ. પહેલો પ્રશ્ન અને છેલ્લો જેનો તેણે ઉત્તર આપવો જોઈએ તે છે તેણે માનવીને એક યંત્ર કરતાં એક પ્રાણતત્ત્વ તરીકે વધારે ઓળખ્યો છે કે કેમ, અને કેટલા પ્રમાણમાં ઓળખ્યો છે? જ્યારે-જ્યારે કોઈ પ્રાચીન સભ્યતા ક્ષીણ થતી ગઈ અને નષ્ટ થઈ ત્યારે તે હૃદયની લાગણીહીનતા ઉદ્‌ભવવા માટેનાં કારણોને કારણે નષ્ટ થઈ હતી; અને આ માનવીની યોગ્યતાને હલકી પાડવા તરફ લઈ જાય છે; જ્યારે રાજ્ય કે માણસોનું કોઈ શક્તિશાળી ગ્રૂપ સામાન્ય લોકો તરફ માત્ર તેમની સત્તા અને શક્તિના એક સાધન તરીકે જુએ છે; જ્યારે નબળી જાતિઓને (races) ગુલામી સ્વીકારવા મજબૂર કરે છે અને તેમને દરેક રીતે નીચા રાખવા પ્રયત્ન કરે છે, ત્યારે માનવી તેની મહાનતા અને ઉદાત્તતાના પાયા પર ઘા કરે છે; સ્વાતંત્ર્યના તેના પોતાના પ્રેમ અને કલ્યાણભાવના પર ઘા કરે છે. સભ્યતા કોઈ પણ સ્વરૂપની માનવભક્ષિતા પર પોતાને ટકાવી રાખી શકે નહીં. કારણ કે, માનવી ફક્ત જેના દ્વારા સત/સાચો છે તે તો પ્રેમ અને ન્યાયથી જ પોષણ અને તાકાત પામી શકે.

જેવું માનવી સાથે, તેવું જ વિશ્વ સાથે. જ્યારે આપણે આપણી તૃષ્ણાઓના આવરણ વડે વિશ્વ તરફ જોઈએ છીએ ત્યારે આપણે તેને લઘુ અને સંકીર્ણ બનાવીએ છીએ; અને તેના સંપૂર્ણ સત્યને પામવામાં નિષ્ફળ જાય છે. અલબત્ત, એ તો સ્પષ્ટ છે કે વિશ્વ આપણી સેવા કરી પોષે છે અને આપણી જરૂરિયાતોને પૂરી પાડે છે, પરંતુ આપણો તેની સાથેનો સંબંધ ત્યાં પૂરો થતો નથી. આપણે તેની સાથે આપણી જરૂરિયાતના બંધન કરતાં વધારે ઊંડાણભર્યા અને

સચ્ચાઈભર્યા બંધનથી બંધાયેલા છીએ. આપણો આત્મા તેના તરફ આકર્ષાય છે; જીવન માટેનો આપણો પ્રેમ, વિશાળ દુનિયા સાથેના આપણા સંબંધને ચાલુ રાખી જોડવાની જ ખરેખર આપણી ઇચ્છા છે. આ એક પ્રેમનો સંબંધ છે; આપણે આનંદ પામીએ છીએ કે આપણે તેમાં છીએ; આપણે તેની સાથે અ-સંખ્ય સૂત્રોથી સંકળાયેલા છીએ; આ સૂત્રો આ પૃથ્વીથી લઈને તારાઓ સુધી વિસ્તરી સંકળાયેલા છે. માનવી જેને પોતાનું ભૌતિક વિશ્વ કહે છે તેનાથી તેની પોતાની મૂળભૂત અલગતાની ધારણા કરી લઈ પોતાની ગુરુતાને પુરવાર કરવાનો મૂર્ખાઈભર્યો પ્રયત્ન કરે છે; આ ભૌતિક વિશ્વનો માનવી તેની અંધ ઘેલછામાં કેટલીક વાર એકદમ જ અવગણના કરવા સુધી જાય છે, એને જાણે તેના ભયાનક શત્રુની માફક ગણી લે છે. છતાં જેમ તેની સમજણ વધારે પ્રગતિ કરે છે તેમતેમ માનવી માટે આ અલગતા સ્થાપિત કરવાનું વધુ મુશ્કેલ બનતું જાય છે, અને તેની પોતાની આસપાસ તેણે જે કાલ્પનિક સીમાઓને રચી લીધી છે તે બધી એક પછી એક અદૃશ્ય થતી જાય છે. આપણી વિશેષ યોગ્યતાના જે બિલ્લાઓ વડે આપણે પોતાના પરિવેશથી અલગ રાખવાનો હક્ક આપણી માનવતા પર થોપ્યો છે તે બિલ્લાઓ જે જે સમયે આપણે ગુમાવતા જઈએ છીએ, તે તે વખતે તે (માનવતા) આપણને હીણપતનો આઘાત આપતી જાય છે. પરંતુ આપણે એને નમી જવું પડે. જો આપણે આપણા આત્મ-અનુભૂતિના માર્ગ પર આપણો ગર્વ સ્થાપિત કરીએ અને તેથી વિભાગીકરણ અને અનૈક્યને જન્મ આપીએ તો તે વહેલા કે મોડા સત્યનાં ચક્રો નીચે આવે જ અને તે કચરાઈને ધૂળ બની જાય. ના, એકમાત્ર આકસ્મિકતામાં અનર્થભર્યા ભયજનક ગુરુતાભાવથી આપણે ભાર હેઠળ દબાયેલા નથી. આત્મિક ગુણધર્મમાં આપણાથી અત્યંત, અ-માપપણે ક્ષુલ્લક, ઓછું હોય તેવી દુનિયામાં જીવવું તે આપણે માટે એકદમ જ અપમાનજનક બને : જેવી રીતે દિવસ અને રાત, જન્મથી મૃત્યુની ક્ષણ સુધી ગુલામો દ્વારા ઘેરાયેલા અને સેવા પ્રાપ્ત કરાયેલા માણસો તરીકે જીવવું તે અપમાનજનક અને ઘૃણાસ્પદ બને તેવી રીતે થાય. ઊલટું, આ જગત આપણું સાથી-સંગાથી છે; ના, આપણે તેની સાથે એકત્વ પામેલા છીએ.

વિજ્ઞાનમાં થતી આપણી પ્રગતિ દ્વારા, જગતની સમગ્રતા અને આપણું તેની સાથેનું ઐક્ય આપણા ચિત્ત માટે વધારે ને વધારે સ્પષ્ટ થતું જાય છે. ઐક્યની પૂર્ણતાનો આ બોધ/સમજ જ્યારે કેવળ બૌદ્ધિક નથી હોતો, જ્યારે તે આપણા સમગ્ર અસ્તિત્વને સર્વની તેજસ્વી ચેતનામાં ઉદ્‌ઘાટિત કરે છે ત્યારે દેદીપ્યમાન

આનંદ, ઊભરાઈ જતો પ્રેમ, બની જાય છે. આપણું પ્રાણતત્ત્વ/આત્મા સમગ્ર જગતમાં તેના વિશાળતાભર્યા 'સ્વ' (self)ને પામે છે, અને તે પૂરી નિશ્ચિંતતાથી ભરાઈ જાય છે કે તે અમર છે. તે તેની જાતની (self) વાડોમાં અને અન્વેષ્ટણોમાં હજાર વાર મૃત્યુ પામે છે, કારણ કે અલગતા મરવા માટે જ નિર્માયેલી છે; તેને ક્યારેય શાશ્વત બનાવી શકાય નહીં. પણ તે ત્યાં ક્યારેય મરી જઈ શકે નહીં જ્યાં તે સર્વ સાથે એકરૂપ છે, કારણ કે ત્યાં તેનું સત્ય છે, તેનો આનંદ છે. જ્યારે માનવી તેના પોતાના આત્મામાં સમગ્ર જગતના આત્મ-જીવનનો લયાત્મક ધબકાર અનુભવે છે, ત્યારે જ તે મુક્ત થાય છે. ત્યારે તે ગુપ્ત સંવનનના પ્રદેશમાં પ્રવેશે છે જે સંવનન બહુરંગી સીમિતતાના ઘૂંઘટથી અવગુંઠિત છે તેવી આ સુંદર વિશ્વ-વધૂ અને શુદ્ધ નિષ્કલંક સફેદમાં સજ્જ 'પરમાત્મન્' – વર વચ્ચે ઘટે છે. ત્યારે તે સમજે છે કે તે તો આ ભવ્ય પ્રેમોત્સવનો સહભાગી છે અને તે અમરતાની મિજબાનીમાં ગૌરવપ્રાપ્ત અતિથિ છે. ત્યારે તે દ્રષ્ટા – કવિના ગીતને સમજે છે, જે કવિ ગાય છે : "જગત પ્રેમમાંથી ઉદ્ભવ્યું છે; તે પ્રેમ દ્વારા જળવાયું છે; તે પ્રેમ પ્રતિ ગતિ કરે છે; અને તે પ્રેમમાં પ્રવેશે છે."

પ્રેમમાં અસ્તિત્વના બધા વિરોધો પોતામાં ભળી જાય છે અને ભૂંસાઈ લુપ્ત થાય છે. કેવળ પ્રેમમાં ઐક્ય અને દ્વૈત વિસંગત હોતાં નથી. પ્રેમ 'એક' અને 'બે' એમ બંને એકસાથે જ હોવાં જોઈએ.

ફક્ત પ્રેમ એકમાં જ ગતિ અને સ્થિતિ (rest) છે. આપણું હૃદય તેનું સ્થાન ત્યારે ફેરવે છે જ્યારે તે પ્રેમને પામે છે, અને પછી એને એની 'સ્થિતિ' – નિરાંત (rest) હોય છે. પણ આ નિરાંત/સ્થિતિ પોતે પ્રવૃત્તિનું તીવ્ર સ્વરૂપ છે, જ્યાં અત્યંત શાંતતા અને નિરંતર શક્તિ પ્રેમમાં એક જ બિંદુએ મળે છે.

પ્રેમમાં નુકસાન અને લાભ સંવાદિત હોય છે. બૅલેન્સ-શીટમાં (સરવૈયામાં) જમા અને ઉધારનો હિસાબ એક જ કૉલમમાં હોય છે, અને ઉપહારો લાભમાં ઉમેરવામાં આવે છે. સર્જનના આ અદ્ભુત ઉત્સવમાં, ઈશ્વરના આત્મ-સમર્પણના આ મહાન સમારંભમાં પ્રેમી પ્રેમમાં પોતાને લાભાન્વિત કરવા માટે સતત પોતાને અર્પિત-સમર્પિત કર્યા કરે છે. ખરેખર, પ્રેમ એ એવું તત્ત્વ છે જે બધું સાથે લાવી ભેગું કરે છે અને અવિભાજ્યપણે સમર્પિત કરવાના કાર્યને અને પ્રાપ્ત કરવાના કાર્યને – બંનેને સાંકળી જોડી દે છે.

પ્રેમમાં તેના એક બિંદુએ તમે અંગતને જુઓ છો, અને બીજા બિંદુએ બિનઅંગતને જુઓ છો. એક બિંદુએ તમને હકારાત્મકતાની ખાતરી મળે

છે – "અહીં હું છું"; બીજે બિંદુએ એટલા જ ભારપૂર્વક નકાર મળે છે – "હું નથી." આ 'અહમ્' વિના પ્રેમ શું છે? અને વળી કેવળ આ 'અહમ્' વડે પ્રેમ કેવી રીતે શક્ય બને?"

બંધન અને મુક્તિ પ્રેમમાં વિરોધી નથી હોતાં, કારણ કે પ્રેમ સૌથી વધારે મુક્ત છે અને વળી ત્યારે જ સૌથી વધારે બદ્ધ છે. જો ઈશ્વર પૂર્ણપણે મુક્ત હોત તો કોઈ સર્જન જ ન હોત. અસીમ અસ્તિત્વે પોતામાં સીમિતતાનું રહસ્ય ધારણ કર્યું છે અને જે પ્રેમ છે તેનામાં સીમિત અને અસીમિતને એક કરવામાં આવ્યાં છે.

એ જ પ્રમાણે જ્યારે આપણે સ્વતંત્રતા અને પરતંત્રતાનાં સાપેક્ષ મૂલ્યો વિશે વાત કરીએ છીએ ત્યારે તે માત્ર શબ્દોની રમત બની જાય છે. એવું તો નથી કે આપણે એકલી સ્વતંત્રતાને જ ઇચ્છીએ છીએ; આપણે એટલી જ ગુલામીને ઇચ્છીએ છીએ. બધી જ મર્યાદાઓને આવકારવાનું અને તે બધીની ઉપર ઊઠી જવાનું એ પ્રેમનું ઉચ્ચ કર્તૃત્વ છે. કારણ કે કશું જ પ્રેમ કરતાં વધારે સ્વતંત્ર નથી, અને વળી, આપણે બીજે ક્યાં આટલી બધી પરતંત્રતાને મેળવીશું? પ્રેમમાં ગુલામી સ્વતંત્રતા જેટલી જ તેજસ્વી છે.

વૈષ્ણવ ધર્મે તો સાહસિકતાપૂર્વક જાહેર કર્યું છે કે ઈશ્વરે પોતાને માનવી સાથે બાંધ્યો છે, અને તેમાં માનવ-અસ્તિત્વનું સૌથી મોટું ગૌરવ સમાયેલું છે. સીમિતના અદ્‌ભુત લયની મોહિનીમાં તે દરેક પગલે પોતાને બેડીમાં બાંધે છે, અને તે આમ તેના પ્રેમને સંગીતમાં, સૌંદર્યના ખૂબ પૂર્ણતાભર્યાં કાવ્યોમાં પ્રકટ કરે છે; સૌંદર્ય આપણા હૃદયનું તેનું સંવનન છે; તેને બીજો કોઈ હેતુ હોઈ શકે નહીં. તે આપણને કહે છે કે સત્તાનું શાસન એ સર્જનનો આખરી અર્થ નથી. જ્યાં-જ્યાં જરાસરખો રંગ હોય છે, ગીતનો સૂર હોય છે, સ્વરૂપનું લાવણ્ય હોય છે, ત્યાં-ત્યાં આપણા પ્રેમ માટેનો સાદ આવે છે. ભૂખ આપણને તેના હુકમોને પાળવાને અને સ્વીકારવાને મજબૂર કરે છે, પરંતુ ભૂખ એ માનવી માટે આખરી શબ્દ કે અવાજ નથી. એવા મનુષ્યો થઈ ગયા છે જેમણે તેના (ભૂખના) આદેશોને જાણપૂર્વક પડકાર્યા છે અને બતાવ્યું છે કે માનવ-આત્મા જરૂરિયાતોના દબાણથી અને પીડાની ધમકીથી દોરાયેલો હોતો નથી. હકીકતમાં, માનવજીવન જીવવાને દરરોજ આપણામાંના નાનામાં નાનાઓએ તેમ જ સૌથી મોટાઓએ તેની (જરૂરિયાતની) માગણીઓને રોકી સામનો કરવો જોઈએ. પરંતુ બીજી બાજુ, આ વિશ્વમાં સૌંદર્ય છે જે ક્યારે ય આપણી સ્વતંત્રતાનું અપમાન કરતું

નથી, ક્યારેય પોતાની સર્વોપરિતા આપણને જણાવવા એક નાની આંગળી પણ ઊંચી કરતું નથી. આપણે તેને પૂરેપૂરું અવગણી શકીએ અને તેના પરિણામરૂપ કોઈ પ્રકારનો દંડ પણ સહેવાનો હોતો નથી. તે આપણને દીધેલો એક સાદ છે, કોઈ આદેશ નથી. તે આપણામાં રહેલા પ્રેમને શોધે છે, અને પ્રેમ કોઈ દિવસ ફરજિયાતપૂર્વક પામી શકાય નહીં. ફરજ પાડવી તે કંઈ માનવીને કરવામાં આવેલી આખરી અપીલ નથી, તે તો છે આનંદ. કોઈ પણ પ્રકારનો આનંદ તો સર્વત્ર છે : તે છે ઘાસભર્યા પૃથ્વીના લીલા આવરણમાં, આકાશની નીલી નિર્મળ શાંતિમાં, વસંતની વિપુલ સમૃદ્ધિમાં, ભૂખરા શિયાળાના કડક સંયમમાં, આપણો શારીરિક આકૃતિને જોશભરી રાખતાં જીવંત માંસ-મજ્જામાં, માનવ-આકૃતિના સંપૂર્ણ, ઉમદા અને ઉન્નત સંયમમાં, જીવન જીવવામાં, આપણી બધી ક્ષમતાઓને કાર્યરત કરવામાં, જ્ઞાનની પ્રાપ્તિમાં, અનિષ્ટો સામે સંઘર્ષ કરવામાં, આપણે જેને કદી વહેંચી શકીએ નહીં તેવી ઉપલબ્ધિભર્યા મરણમાં... આનંદ આમ સર્વત્ર છે; તે વધારાનો અનાવશ્યક છે, ના તે ઘણીયે વાર આવશ્યકતાના ખૂબ અનુચિત હુકમો પ્રત્યે વિરોધ દાખવે છે. તેનું એ દર્શાવવા અસ્તિત્વ છે કે કાયદાનાં બંધનો કેવળ પ્રેમ દ્વારા જ સમજાવી શકાય; તેઓ શરીર અને આત્મા જેવાં છે. આનંદ એકત્વના આનંદની અનુભૂતિ છે; આ એકત્વ આપણા આત્માનું જગત સાથે અને જગતના આત્માનું પરમ પ્રેમી સાથેનું એકત્વ છે.